

# લઘુ ઉદ્યોગ ભારતી – ગુજરાત પ્રદેશ

**કર્ણાવતી સંભાગ**
- સુરત વિભાગ
- વડોદરા વિભાગ
- મધ્ય વિભાગ
- ઉતર વિભાગ

**સૌરાષ્ટ્ર સંભાગ**
- રાજકોટ વિભાગ
- જુનાગઢ વિભાગ
- કચ્છ વિભાગ

## ◆ કર્ણાવતી સંભાગ

**સુરત વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) સુરત ૨) ભરૂચ ૩) વલસાડ ૪) નવસારી ૫) તાપી
૬) ડાંગ ૭) દમણ ૮) સેલવાસ ૯) દાદરા નગર હવેલી

**વડોદરા વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) વડોદરા ૨) પંચમહાલ ૩) દાહોદ
૪) છોટાઉદેપુર ૫) મહીસાગર ૬) નર્મદા

**મધ્ય વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) કર્ણાવતી ૨) ગાંધીનગર ૩) આણંદ ૪) ખેડા

**ઉતર વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) બનાસકાંઠા ૨) પાટણ ૩) મહેસાણા
૪) સાબરકાંઠા ૫) અરવલ્લી

## ◆ સૌરાષ્ટ્ર સંભાગ

**રાજકોટ વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) રાજકોટ ૨) સુરેન્દ્રનગર ૩) મોરબી
૪) બોટાદ ૫) જામનગર ૬) દ્વારકા

**જુનાગઢ વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) જુનાગઢ ૨) અમરેલી ૩) ભાવનગર
૪) ગીરસોમનાથ ૫) પોરબંદર ૬) દીવ

**કચ્છ વિભાગમાં આવતા જીલ્લાઓ**
૧) ભુજ ૨) ગાંધીધામ

# राष्ट्रद्वारो लघूधमै

કોઈપણ સંજોગોમાં માત્રને માત્ર આગળ વધવું એ મહત્વનું છે... અને આગળ વધવા અને સંજોગોનો સામનો કરવા જરૂરી છે સંગઠિત રહેવું, સંકલિત રહેવું અને આગળ વધવા સહિયારો પ્રયાસ કરવો... સંગઠન માટે સૌથી જરૂરી બાબત છે... સામેવાળાનું ગૌરવ કઈ રીતે જળવાય તેની સમજ કેળવવી... અને આજ પ્રયાસ છે લઘુ ઉદ્યોગ ભારતીનો... સૌની સાથે... સૌના માટે... વિકાસનો માર્ગ બનાવવો... લઘુઉદ્યોગ ભારતી સંસ્થા માત્ર નથી... રાષ્ટ્રીય આંદોલન છે... જે ઈચ્છે છે લઘુઉદ્યોગોના વિકાસ દ્વારા રાષ્ટ્રનો વિકાસ...

## MAKE IN INDIA SHOW PHOTOS









लघु उद्योग भारती


## लघु उधोग भारती

**:: પ્રદેશ ઓફિસ ::**
૩૦૭, આશ્રમ એવન્યુ, કોચરબ આશ્રમ પાછળ,
પાલડી ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, એલિસ બ્રીજ, અમદાવાદ-૬
ટેલી ફેકસ : ૦૭૯-૨૬૫૮૨૬૦૫, મો. : ૯૪૯૯૮ ૪૨૬૦૫
E-mail : lubgujarat@gmail.com

**:: સૌરાષ્ટ્ર સંભાગ ઓફિસ ::**
કો/ઓ. વસા સ્ટીલ્સ, ઈ/૪૪ જી.આઈ.ડી.સી.-ભકિતનગર,
પી.જી.વી.સી.એલ. ઓફિસ પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૨.
E-mail : lubrajkot@gmail.com, મો. : ૬૩૫૫૭ ૪૭૩૯૪

**:: હેડ ઓફિસ ::**
૧ઈ/૧૧, સ્વામી રામતીર્થ નગર, જંડેવાલાન એકસટેન્સન,
નવી દિલ્હી -૧૧૦ ०૫૫ ફોન : ૦૧૧-૨૩૬૨૫૦૬૪, ૪૧૫૪૦૭૭૨
E-mail : headoffice@lubindia.com • Website : www.lubindia.com

**:: રજી. ઓફિસ ::**
૧૮૪, શિવાજીનગર,
નાગપુર-૪૪૦૦૧૦
ફોન : ૦૭૧૧૨-૨૫૩૩૫૫૨

**:: કોર્પોરેટ ઓફિસ ::**
શ્રી વિશ્વકર્મા ભવન, ૪૮, દીનદયાલ
ઉપાધ્યાય માર્ગ, રાઉઝ એવન્યુ
નવી દિલ્હી-૧૧૦૦૦૨,
ફોન : ૦૧૧-૨૩૨૩૮૫૮૨


लघु उद्योग भारती

**સમગ્ર લઘુ ઉધોગકારોને**
**સંગઠિત કરવા સતત પ્રયત્નશીલ**

*"આત્મ નિર્ભર ભારત – અભિયાન"*



# લઘુ ઉધોગ ભારતી
# लघु उधोग भारती
# Laghu Udyog Bharati

All India Organisation For Small Scale Industries

## લઘુ ઉધોગ ભારતીની રૂપરેખા

સ્વદેશી અર્થચિંતનના નિષ્ણાંતો દ્વારા ૧૯૯૪માં સ્થપાયેલ લઘુ ઉદ્યોગ ભારતી એ સુક્ષ્મ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો માટે કામ કરતું એકમાત્ર દેશવ્યાપી સંગઠન છે. ભારતના દરેક રાજયમાં અને કુલ મળીને દેશના ૪૦૦ ઔદ્યોગિક ક્ષેત્રમાં કાર્યરત છે. ઉદ્યોગો સાથે સંકળાયેલા સમુદાયનું હિત સચવાય અને ઉદ્યોગો થકી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવાની ભાવનાથી સ્થાનિક ઔદ્યોગિકી સંગઠનોની સાથે તાલમેલ મેળવીને રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કામ કરે છે.

## લઘુ ઉધોગ ભારતીના ઉદ્દેશો

**સંગઠન** : અન્ય સંગઠનોની સાથે એકમંચ ઉપર કોમન પ્રશ્નો અંગે સંગઠિત અભિપ્રાયો વિકસાવતો મંચ પુરો પાડવો.

**નેટવર્કીંગ** : સંસ્થા દ્વારા પ્રદેશ-સંભાગ લેવલે, જિલ્લા લેવલે તેમજ ઔદ્યોગિક કલસ્ટર લેવલે વિવિધ ઔદ્યોગિક સહયોગી સમિતિઓના આયોજનને પ્રોત્સાહન આપવું. તેમજ પોતાની સંસ્થા દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ થઈ રહેલા કામકાજોથી માહિતગાર કરવાનું કામ તથા પોતાનો વ્યાપ સમગ્ર જિલ્લાઓમાં દરેક એકમો સુધી તથા દરેક ઔદ્યોગિક ક્ષેત્રો સુધી વિકસાવવાનું કામ કરવું.

**ઉત્પાદન** : સ્વદેશી ટેકનોલોજી તેમજ સ્થાનિક કાચામાલને અનુરૂપ ટેકનોલોજી વિકસાવવા માટે મદદરૂપ થવું. આત્મ નિર્ભર તરફ આગળ વધવું.

**ગુણવત્તા** : ઉત્પાદકો આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવતા પ્રાપ્ત કરે તેવી જાગૃતિ આપવી.

**વેચાણ વ્યવસ્થા** : સંસ્થાના રાષ્ટ્રીય નેટવર્ક દ્વારા સદસ્ય ઉદ્યોગકારોને તેમના માલની યોગ્ય કિંમતે વેચાણની વ્યવસ્થા ગોઠવવામાં મદદરૂપ થતું માળખું ગોઠવવું, પોતાની વેબસાઈટ દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય માર્કેટીંગ પુરૂ પાડવું.

**ધિરાણ વ્યવસ્થા** : લઘુ ઉદ્યોગકારોને સરળતાથી કો-લેટરલ સિક્યુરીટી સિવાય તેમજ વ્યાજબી વ્યાજદરે બેંક ધિરાણ ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નશીલ રહેવું.

**સહકારી વ્યવસ્થાપન** : સહકારી ધોરણે નાના ઉદ્યોગકારો ભેગા મળી, સંયુકત ધિરાણ, સંયુકત વ્યવસ્થાપન, કાચા માલની સંયુકત ખરીદી તથા સંયુકત વેચાણ વ્યવસ્થા અપનાવે તે માટે પ્રોત્સાહિત કરવા. બીજા શબ્દોમાં કહીએ તો ઔદ્યોગીક કલસ્ટર ડેવલપમેન્ટ કરવું.

**વીજળી તથા કાચોમાલ** : વીજકંપનીઓ દ્વારા વ્યાજબી દરે વિજળી મળે તેવા પ્રયત્નો કરવા, વીજ કંપનીઓની અન્ય કનડગતોને કંટ્રોલ કરાવવી વગેરે તથા ઉચિત દરોએ ખેંચ વગર કાચો માલ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

**Techno Nationalism** : આંતરરાષ્ટ્રીય માર્કેટની સામે ટકી રહેવા માટે સ્વદેશી ટેકનોલોજીથી જ આત્મનિર્ભર થવા સરકાર સાથે સહયોગ કરી વિવિધ પ્રકલ્પો શરૂ કરવા સંસ્થા કટીબદ્ધ છે.

## લઘુ ઉધોગ ભારતી દ્વારા પ્રાપ્ત સિદ્ધિઓ

- લઘુ ઉદ્યોગકારોને સચોટ માર્ગદર્શન પુરૂં પાડવા માટે 'ઉદ્યોગ ટાઈમ્સ' નામનું ત્રિમાસિક મેગેઝીન રાષ્ટ્રીય લેવલે પ્રકાશીત કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા એક્ષપોર્ટ કરતા ઉદ્યોગોને આવશ્યક એવું 'સર્ટીફિકેટ ઓફ ઓરીજીન' (Certificate of Origin) ઈસ્યુ કરવાની સતા લઘુ ઉદ્યોગ ભારતી - ગુજરાતને પણ પ્રાપ્ત થયેલ છે.
- ઈન્સ્પેકટર રાજને લગભગ નાબુદ કરાવ્યું.
- લઘુ ઉદ્યોગના ઉત્પાદનોના માર્કેટીંગ માટે પ્રદર્શનોનું આયોજન કરવું
- દરેડ જી.આઈ.ડી.સી. ભાગ-૩, જામનગરનો પ્રશ્ન ઉકેલ કરેલ.
- પ્રદર્શનોમાં ભાગ લેતા ઉદ્યોગકારોને તેમના ખાતામાં ડાયરેકટ સબસીડી જમા થાય તેવી રજુઆત કરેલ, જે સરકારે સ્વીકારેલ.
- કો-લેટરલ સિકયુરીટી વગર રૂા. ૧ કરોડ સુધીનું ધિરાણ સંસ્થાના પ્રયત્નોથી માન્ય રાખવામાં આવ્યું તથા ક્રેડિટ ગેરંટી યોજના તેના કારણે અમલમાં આવેલ છે.
- કેન્દ્ર તથા રાજય સરકારની વિભિન્ન વિભાગીય સમિતિઓમાં પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયેલ છે.
- ગુજરાતમાં વિજળીના ભાવ વધારા સામે રીટ પીટીશન તથા કેન્દ્રની લડતો કરીને અનેક વખત ભાવ વધારો રોકેલ છે. અને સંસ્થાની રજુઆતની 'ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશન' (GERC) દ્વારા નોંધ લેવામાં આવેલ છે.
- 'ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન' માં લઘુઉદ્યોગ ભારતીનું પ્રતિનિધિત્વ સ્વીકારાયું.
- સંસ્થાના પ્રયત્નોથી ગુજરાત સરકાર દ્વારા માંદા ઉદ્યોગો અંગે 'વન ટાઈમ સેટલમેન્ટ'ની યોજના જીએસએફસી દ્વારા અમલમાં મુકાઈ.
- ફાર્મા ઉદ્યોગમાં 'શિડયુલ એમ'ના અમલીકરણમાં સંસ્થાના પ્રયત્નોથી ઘણા વર્ષોથી રાહત પ્રાપ્ત થયેલ છે.
- MSME એકટમાં સૂચવેલ સુધારાઓ અનેક વખત માન્ય થયા.
- લઘુ ઉદ્યોગ ભારતીની સોલીડ અને સતત રજુઆતથી કેન્દ્રમાં એમએસએમઈ ના અલગ મંત્રાલયની રચના કરવામાં આવી છે. જે ગુજરાત રાજયમાં MSME વિભાગ શરૂ કરવામાં આવ્યો.
- ગુજરાતની ખાલી પડેલ જીઆઈડીસીના પ્લોટમાં સરકાર દ્વારા નાનાશેડ તૈયાર કરી પાવર અને પાણીની સગવડ સહિતના બાંધકામ કરી નાના ઉપયોગકારોને આપવાની યોજના આપણાં પ્રયત્નોથી અમલમાં મુકવામાં આવી છે.

## લઘુ ઉધોગ ભારતીની પ્રવૃતિઓ

લઘુ ઉદ્યોગ ભારતી ઉદ્યોગોના વિકાસ માટેના જરૂરી પરિબળ એવા પ્રોડકટ માર્કેટીંગ માટે ઔદ્યોગિક પ્રદર્શનનું આયોજન કરી રહેલ છે. આવા પ્રદર્શનમાં પ્રોડકટસના માર્કેટીંગ ઉપરાંત ઉદ્યોગ વિષયક સેમિનાર, ગાઈડલાઈન, બીટુબી અને બીટુજી મીટીંગના આયોજન થકી ઉદ્યોગકારોને મુંઝવતા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ થઈ શકે છે.

દર અઠવાડિયે અમદાવાદ ખાતે પ્રદેશ કાર્યાલયમાં મીટીંગનું આયોજન, ત્રિમાસીક પ્રાંત કાર્યકારીણીની જિલ્લા લેવલે બેઠકનું આયોજન તેના દ્વારા ઉદ્યોગોના પ્રશ્નોની જાણકારી મેળવી તેના ઉકેલ અંગેની પ્રવૃતિ કરવામાં આવે છે.

## લઘુ ઉધોગ ભારતીના પદના લાભ

- સભ્યોના વ્યકિતગત પ્રશ્નો અંગે સરકારી નીતિ વિષયક ગુંચ હોય ત્યારે સંસ્થા તેમાં સહાયરૂપ થાય છે.
- ઉદ્યોગોના કોમન પ્રશ્નો બાબતે કાર્યક્રમ તથા જરૂરી આંદોલન મારફત પ્રશ્નોના ઉકેલમાં સહાયભૂત થાય છે.
- જી.એસ.ટી., બજેટ તથા અન્ય સરકારી નીતિ વિષયક જાણકારી આપતા સેમીનાર, વાર્તાલાપ પ્રવચનોના આયોજનોનો લાભ.
- દર વર્ષે જિલ્લા લેવલે સહપરિવાર સ્નેહમિલન સમારંભ દ્વારા પરિવારોનો પરિચય તથા નવા મિત્રોને મળવાની તક મળે છે.
- સંસ્થા દ્વારા આયોજીત થતા પ્રદર્શન અને મેળાઓ મારફતે સભ્ય ઉદ્યોગકારો પોતાના ઉત્પાદનોનું માર્કેટીંગ વધારી શકે છે.
- સંસ્થા દ્વારા પ્રકાશિત થતું મુખપત્ર હજારો સભ્ય ઉદ્યોગકારો સુધી પહોંચે છે તે મારફતે ઉદ્યોગને લગતા પરીપત્રો, સરકારી નીતિઓ અંગેના લેખો, તજજ્ઞોના લેખો, ટેક્ષેસન માહિતી, ઉદ્યોગોના પ્રશ્નો તથા ઉદ્યોગોને નડતી મુશ્કેલીઓની માહિતી મેળવી શકાય છે.
- સંસ્થાના રાષ્ટ્રીય નેટવર્ક તથા દેશભરના દરેક શહેરોમાં ફેલાયેલા સભ્યોનો કૌટુંબિક ભાવનાથી સહકાર મેળવી પોતાનું માર્કેટીંગ કે પરચેઈઝમાં સહયોગ મેળવી શકાય છે.
- સભ્યોની ડીરેકટરીમાં ફ્રી લિસ્ટીંગ થાય છે. ડીરેકટરી પ્રિન્ટ/સી.ડી./વેબસાઈટ ત્રણેય માધ્યમમાં થાય છે.

**લઘુ ઉદ્યોગ ભારતીના સદસ્યો ભારત સરકાર દ્વારા બનાવાયેલ નીચે મુજબની કમીટીઓ / બોર્ડ અને એજન્સીઓમાં પ્રતિનિધિત્વ કરે છે.**

- પાર્લામેન્ટની MSME સ્ટેન્ડીંગ કમીટીમાં
- માઈક્રો, સ્મોલ, મીડીયમ એન્ટરપ્રાઈઝીઝ બોર્ડમાં
- MSME ની રાષ્ટ્રીય એવોર્ડ સિલેકશન કમીટીમાં
- પ્રધાનમંત્રી દ્વારા MSME માટેની ટાસ્કફોર્સ કમીટીમાં
- પ્રધાનમંત્રી તથા નાણામંત્રીની બજેટ પૂર્વેની કમીટીમાં
- ઉદ્યોગ મંત્રાલય દ્વારા ચાલતી ટેકનીકલ સલાહકાર કમીટીમાં
- વાણીજય મંત્રાલયમાં
- રીઝર્વબેંકની ક્રેડીટફલોની સમીક્ષા કમીટીમાં
- SIDBI ની ક્રેડીટ ગેરંટી સ્કીમ કમીટીમાં
- (BIS) બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ કમીટીમાં
- (ILO) આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન કમીટીમાં
- સ્ટેન્ડીંગ લેબર કમીટીમાં
- કેન્દ્રની શ્રમીક શિક્ષા બોર્ડમાં
- બાળ શ્રમ પરિયોજનાઓમાં
- રાષ્ટ્રીય સેફટી કમીટીમાં
- લોકાચાર (Convention) ની ત્રિપક્ષીય કમીટીમાં (COC)
- નેશનલ સોશ્યલ સીકયોરીટીબોર્ડમાં
- કેન્દ્ર સરકારની શ્રમ અને રોજગાર મંત્રાલયની સલાહકાર સમિતિમાં
- ESI ની સલાહકાર સમિતિમાં
- રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદમાં
- DGS & D ની સ્ટેન્ડીંગ રીવ્યુ કમીટીમાં
- વસ્ત્ર મંત્રાલયની શણ અને કપાસ ઈન્ડસ્ટ્રીઝની ત્રિપક્ષીય કમીટીમાં
- પ્રોવિડન્ટ ફંડની સલાહકાર સમિતિમાં
- સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાં પ્રતિનિધિત્વ મળેલ છે.